રાજા ભર્તુહરીના વારસ ભરથરી પરિવારો ભટકતું જીવન ગાળવા મજબૂર

કારમી મોંઘવારી-કલાના કદરદાનો ઘટતાં ભરથરી પરિવારોની હાલત કફોડી

બાયડ, તા.૨૧

આજના આધુનિક યુગમાં રાવણ હથ્થા ઉપર હલકદાર કંઠથી માર્મિક ભજનો લલકારતા લોકકલાકારોની હાલત અત્યંત દયાજનક બની રહી છે. રાજ્ય કઠપૂતળીના ખેલ બતાવનારાઓને યોગ્ય શિરપાવ હતી અને ગામે ગામ કેસરી વસ્ત્રોમાં સજ્જ થઈ ભરથરીઓ

ટી.વી. અને મનોરંજન ચેનલોના આક્રમણથી લોકકલાઓનો દાટ વળી ગયો છે ત્યારે રાજા ભર્તુહરીના વારસ ગણાતા ભરથરી પરિવારોને પણ કારમી મોંઘવારી તથા કલાના કદરદાનો ઘટતાં જીવન નિર્વાહ માટે ભારે હાડમારી ભોગવવી પડી રહી છે. ભરથરી પરિવારો આજે કલાના સહારે જીવન ટકાવી રાખવા માટે ભારે દડમજલ કરી રહ્યા છે.

રાજ્યમાં લોકકલાઓના સહારે પ્રજાને મનોરંજન પુરૂ પાડતી કેટલીક લોકજાતિઓનો ભવ્ય ભૂતકાળ હોવા છતાં આજના આધુનિક યુગમાં સહિત સાબરકાંઠા જિલ્લામાં ટી.વી. ચેનલો તથા અન્ય મનોરંજનોનાં સાધન ન હતાં ત્યારે ભવાઈ કલા અને કઠપૂતળીના ખેલ બતાવતા કલાકારોનો ભારે દબદબો હતો અને પ્રજા પણ સામૂહીક રીતે લોકકલાઓને નિરખી ભવાઈ કલાકારો તથા પણ આપતી હતી પરંતુ મનોરંજન ક્ષેત્રે ટી.વી. તથા કેટલીક ચેનલોનું આગમન થઈ જતાં લોકકલાઓના વળતા દિવસો શરૂ થઈ ગયા છે. જિલ્લામાં ભવાઈ કલાકારો બહુરૂપી પરિવારોની સાથે ભરથરી પરિવારોની પણ સારી એવી સંખ્યા જોવા મળતી હલકદાર કંઠથી ભજનો લલકારી ઘેર ઘેરથી ચપટી આટો ઉઘરાવતા હતા અને પ્રજા પણ ભરથરીના કંઠથી ગવાતા ભજનોમાં લીન થઈ જતી હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી અન્ય લોકકલાકારોની સાથે ભરથરી પરિવારોના પણ પડતીના દિવસો શરૂ થઈ ગયા હોય તેમ ગામડાઓમાં જતા ભરથરીઓને યોગ્ય પ્રોત્સાહન મળતું ન હોવાથી આવા પરિવારોની હાલત કાળઝાળ મોંઘવારીમાં કફોડી બની રહી છે. જિલ્લામાં ભરથરી પરિવારોને જીવન નિર્વાહ માટે ગામે ગામ ફરવું પડતું હોય છે અને પ્રજા તરફથી જે કોઈ રકમ મળે તેમાંથી જ પરિવારનું ગુજરાન ચલાવવું પડતું હોય છે. જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રાવણહથ્થા ઉપર ભજન લલકારતા ભરથરીઓ ભાગ્યે જ કંયાંય જોવા મળતા હતા પરંતુ હવે અન્ય જિલ્લાના ભરથરી પરિવારો કલાના સહારે પેટનો ખાડો પૂરવા માટે જિલ્લામાં આવતાં ગ્રામ્ય વિસ્તારોમાં ફરીથી ભરથરીના રાવણહથ્થા સંભળાઈ રહ્યા છે. મોડાસા તાલુકાના મેઢાસણ નજીક ખુલ્લા ખેતરમાં છેલ્લા કેટલાક સમયથી વિજાપુર ગામના કોટ ગામના ભરથરી પરિવારોએ ડેરા તંબુ નાખ્યા છે. દિવસે ભરથરી પરિવારના પુરૂષો માથે કેસરી સાફા બાંધી અને હાથમાં પોતાનું વાજીંત્ર રાવણહથ્થો લઈને આસપાસના ગામડાઓમાં પહોંચી જાય છે અને ભજનો લલકારી બક્ષીસમાં જે કાંઈ મળે તેમાંથી પરિવારજનોનું ગુજરાન ચલાવી રહ્યા છે. રાજ્ય સરકારે વિચરતી વિમુખ જાતિઓ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે ત્યારે લક્ષ્મણભાઈ ભરથરીના જણાવ્યા મુજબ ભરથરી પરિવારો માટે આજદિન સુધી કોઈ જ યોગ્ય કામગીરી થઈ નથી અને અમારી કલાને વર્તમાન યુગમાં બચાવી લેવાની તાતી જરૂરીયાત છે પરંતુ કોઈ જ આગળ આવતું નથી જેથી અમને ગામે ગામ ભટકતું જીવન ગાળવાની ફરજ પડી રહ્યાનો વલોપાત વ્યક્ત કર્યો હતો. ત્યારે રાજ્ય સરકાર લુપ્ત થતી લોકકલાઓ અને તેના કલાકારોને સમયસર યોગ્ય પ્રોત્સાહન પુરૂ નહીં પાડે તો ભરથરી પરિવારોની કલા પણ અન્ય કલાઓની જેમ ભૂતકાળ બની જશે તે દિવસો હવે દૂર નથી તેવું દેખાઈ રહ્યું છે.

રાવણે રાવણહથ્થાનું નિર્માણ કર્યું હતું : લક્ષ્મણભાઈ ભરથરી

આજના મોંઘવારીના યુગમાં લોક કલાકારોને બે ટંકનું ભોજન મેળવવાનાં પણ ફાંફાં પડી રહ્યાં છે અને મનોરંજન ચેનલોના આગમનથી લોકકલાઓ ભૂતકાળમાં ધકેલાઈ ગઈ છે. અગાઉ લોકકલાઓમાં પ્રાચીન વાદ્યોનું પણ ભારે મહત્વ હતું ત્યારે ભરથરી પરિવારો જેના સહારે રોજગારી મેળવી રહ્યા છે તે શારંગીનો પણ રસપ્રદ ઈતિહાસ છે. લક્ષ્મણભાઈ શંકરભાઈ ભરથરીના જણાવ્યા મુજબ લંકાપતિ રાવણ વેદ શાસ્ત્રોમાં પારંગત હોવાની સાથે તેને સંગીતનો પણ ભારે શોખ હતો અને રાવણે જ શારંગીનું નિર્માણ કરતાં તેનું નામ રાવણહથ્થો થઈ ગયું છે.

જિલ્લામાં ૪ થી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધક હુકમો

કેટલાંક બનાવો પરથી અત્રેના ધ્યાને આવેલ છે કે વિવિધ મુદ્દાઓ પરત્વે રજૂઆત કરવા તાલુકા ગ્રામ્ય કક્ષાએથી આવતા અરજદારો દ્વારા સક્ષમ અધિકારીશ્રીની કોઈ લેખિત પરવાનગી સિવાય સદન ખાતે મોટી સંખ્યામાં ટોળા કરી દેખાવો કરવામાં આવે છે આનાથી કાયદો અને વ્યવસ્થા પર વિપરીત અસર પડે છે આથી આવી પ્રવૃતિઓ પર અંકુશ રાખવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી એન.ડી. પરમાર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સેવા સદન સંકુલમાં સરકારી ઇસમોના સક્ષમ અધિકારીશ્રીની કોઈ લેખિત પરવાનગી સિવાય સેવાસદન ખાતે રેલી, ધરણા, ઉપવાસ, આંદોલન, આવેદનપત્રો, આત્મવિલોપન, જેવી રજૂઆતો કરવા માટે ૪ થી વધુ વ્યક્તિઓના ભેગા થવા કે ટોળા કરવા પ્રતિબંધ મુકવામાં ફરમાવેલ છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં ઘઉં લણવાની સીઝનમાં ખેતમજૂરોની અછત

માગ્યા દામ આપવા છતાં સમયસર ખેતમજૂર મળતા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ઘઉં લણવાની સીઝન શરૂ થઈ છે ત્યારે કેટલાક વિસ્તારોમાં મોં માગ્યા દામ આપવા છતાં સમયસર ખેતમજૂરો મળતા ન હોવાથી ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે જ્યારે દાહોદ અને ગોધરા વિસ્તારના ખેતમજૂરો હોળી નજીક આવતાં જ વતન રવાના થઈ જતાં જિલ્લામાં લણનીની સીઝનમાં ખેતમજૂરોની અછત ખેડૂતો માટે પરેશાનીરૂપ બની રહી છે.

જિલ્લામાં હજારો હેક્ટર જમીનમાં ઘઉંનું વાવેતર થયા પછી હોળી નજીક આવતાં ઘઉંનો પાક તૈયાર થઈ ગયો છે અને કેટલાક વિસ્તારોમાં તો લણનીની કામગીરી પૂરજોશમાં શરૂ થઈ છે. જિલ્લામાં મોટા ખેડૂતોએ યાંત્રિક મશીનરીથી ઘઉંની લણની શરૂ કરાવી છે પરંતુ નાના ખેડૂતોને ભાવ પોષાય તેમ ન હોવાથી ખેતમજૂરોથી ઘઉંની લણનીનું કામ શરૂ કરાવ્યું છે પરંતુ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ઘઉં લણવાની ખરી સીઝનમાં જ ખેતમજૂરોની અછત ઉભી થઈ હોય તેમ ખેડૂતોને સમયસર મજૂરો મળતા ન હોવાથી ખેડૂત પરિવારોએ જાતે જ ખેતરમાં લણનીનું કામ શરૂ કરવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જિલ્લામાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ ઘઉંની લણનીની સીઝનમાં ખેતમજૂરોની અછત ઉભી થવાની સાથે ઘઉં લણવાના કામમાં ખેતમજૂરો માગે તેટલો દામ ચૂકવવા છતાં પણ સમયસર મજૂરો મળતા નથી અને કેટલાક મજૂરોએ તો એડવાન્સમાં જ ઉચ્ચક રીતે ઘઉંના ખેતરોની લણનીનું કામ રાખ્યું હોવાથી જ્યાં સુધી તે કામ પુરૂ ન થાય ત્યાં સુધી ખેતમજૂરો અન્ય ખેડૂતને ત્યાં કામે જઈ શકતા ન હોવાથી ખેડૂતો માટે ખરી સીઝનમાં ખેતમજૂરોની અછત પરેશાનીરૂપ બની રહી છે. જિલ્લામાં હોળીનો તહેવાર નજીક આવી રહ્યો છે અને મોટા ભાગે દાહોદ અને પંચમહાલ વિસ્તારના આદિવાસી ખેતમજૂરો ખેતરોમાં કામ કરતા હોવાથી તેઓના કેટલાક પરિવારો તો અત્યારથી જ હોળીનો તહેવાર મનાવવા માટે વતન તરફ રવાના થઈ જતાં ખેતમજૂરોની અછત ઉભી થઈ છે.

જિલ્લામાં સ્થાનિક ખેતમજૂરો માટે ઘઉંની લણનીની સીઝન કમાણીની સીઝન બની રહી હોવાથી મોટા ભાગના મજૂરો ઉચ્ચક ભાવે લણનીનું કામ રાખી લે છે પરંતુ મજૂરોની ઓછી સંખ્યા રહેતાં ઘઉંના ખેતરોમાં ઝડપથી લણનીનું કામ પાર પડતું ન હોવાથી અન્ય ખેડૂતોએ દિવસો સુધી ખેતમજૂરોની રાહ જોવી પડે તેવી સ્થિતિ ઉભી થતાં કેટલાક ખેડૂત પરિવારોએ તો જાતે જ ઘઉંના ખેતરોમાં લણનીની કામગીરી હાથ ધરી છે. જિલ્લામાં લણનીની સીઝનમાં ખેતમજૂરોની બોલબાલા વધી ગઈ છે અને મોં માગ્યા દામ ચૂકવવા છતાં હાલની સ્થિતિએ સમયસર ખેતમજૂરો મળતા ન હોવાનો બડાપો ખેડૂતો જાહેરમાં વ્યક્ત કરતા સંભળાઈ રહ્યા છે.

ખીલ્યાં કેસુ ખાખરે એની વગડે વગડે આગ..

સાબરકાંઠા-અરવલ્લીમાં વસંતઋતુના આગમનથી કેસુડા મ્હોરી ઉઠ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વસંત ઋતુનું આગમન થઈ જતાં વૃક્ષોથી હર્યા ભર્યા ડુંગરોમાં પ્રકૃતિ નવા શણગાર સજવા લાગી છે. વસંતના આગમનથી પ્રકૃતિમાં નવા પ્રાણનો સંચાર થતાં સૂકાં હાડપિંજર જેવાં વૃક્ષો પર નવાં પાન ફૂટવા લાગ્યાં છે. જ્યારે વસંતના આગમનને વધાવવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં કેસુડાનાં વૃક્ષો પૂરબહારમાં મ્હોરી ઉઠતાં વસંતઋતુની મોહકતાએ સૌ પ્રકૃતિ પ્રેમીઓ મંત્રમુગ્ધ બની ગયા છે.

વસંતઋતુને ઋતુઓનો રાજા કહેવામાં આવે છે અને પ્રાચીન સમયથી લગભગ બધા દેશોમાં વસંતને સર્વ ઋતુઓમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યુ છે જ્યારે વસંતઋતુને જ્ઞાન દેવી સરસ્વતીના પ્રાગટ્ય દિન તરીકે પણ ઓળખવામાં આવે છે. વસંતઋતુના આગમનથી જ પ્રકૃતિમાં નવો સંચાર શરૂ થઈ જતો હોવાથી સાબરકાંઠામાં વસંતઋતુના આગમન સાથે જ પ્રકૃતિએ પોતાનું કલેવર બદલ્યું હોય તેમ પ્રકૃતિમાં નવા પ્રાણનો સંચાર થયો છે અને પાનખરમાં સૂકી ભઠ્ઠ બનેલી પ્રકૃતિએ લીલોતરીની ચાદર ઓઢવાની શરૂઆત કરી દેતાં જિલ્લાના તમામ વિસ્તારોમાં દિલ, દિમાગ અને આંખને ઠંડક પમાડે તેવો પ્રકૃતિનો મિજાજ જોવા મળી રહ્યો જિલ્લામાં વસંતઋતુના આગમન સાથે જ ખાસ કરીને ખાખરાના વૃક્ષો ઋતુરાજને વધાવવા માટે ઉતાવળા બન્યા હોય તેમ અનેક વિસ્તારોમાં વસંતઋતુના આગમન અગાઉ કેસુડાના પુષ્પો પૂરબહારમાં મ્હોરી ઉઠતાં વસંતઋતુથી અજાણ માનવી પણ કેસુડાના ખીલેલાં પુષ્પોને જોઈ વસંતના આગમનને જાણવા લાગ્યો છે. જિલ્લામાં મીની કાશ્મીર ગણાતા વિજયનગર તાલુકાના જંગલોમાં વસંતઋતુએ કામણ પાથર્યા હોય તેમ કેસુડાનાં વૃક્ષો સોળેકળાએ ખીલેલાં જોવા મળી રહ્યાં છે.

જિલ્લામાં ડુંગરો ઉપરાંત રસ્તાઓની સાઈડોમાં ઉભાં કેસૂડાનાં વૃક્ષો પણ પૂર્ણ રીતે ખીલી ઉઠતાં કવિ હૃદય અચૂક બોલી ઉઠે કે...ખીલ્યાં કેસુ ખાખરે ખાખરે એની વગડે..વગડે આગ, ફૂલડે ફૂલડે ફરી વળે મારૂ મન જાણે મધુમાખ..! જિલ્લામાં સીમેન્ટ કાંકરીટનાં જંગલો ઉભાં થઈ જતાં પ્રકૃતિ ક્યારે પોતાનું કલેવર બદલે અને ઋતુ આવને જાય તેની ભાગ્યે જ કોઈને ખબર પડતી હોય છે પરંતુ વસંત ઋતુના આગમનમાં પ્રકૃતિની સાથે ખાસ કરીને કેસૂડાનાં વૃક્ષો પૂરબહારમાં મ્હોરી ઉઠતાં હોવાથી ઋતુરાજ વસંતની જાણ સૌને થઈ જતી હોય છે.

લાયન્સ-લીઓ ક્લબ બાયડની સત્તાવાર મુલાકાત લેતા ડિસ્ટ્રીકટ ગવર્નર

લાયન્સ ક્લબ-બાયડના પ્રમુખની યાદગાર સેવાકીય પ્રવૃત્તિઓ બદલ વિશિષ્ટ સન્માન કરાયુ : સેવાકીય પ્રવૃત્તિઓની યાદગાર નોંધ લેવાઈ, વધુને વધુ કાયમી પ્રોજેક્ટ શરૂ કરવા હાકલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

લાયન્સ ડિસ્ટ્રીકટ-૩૨૩૨-બી-૧ની ગ્રામ્ય વિસ્તારની અગ્રીમ હરોળની લાયન્સ-લીઓ ક્લબ-બાયડની રવિવારે સત્તાવાર મુલાકાત ડિસ્ટ્રીકટ ગવર્નર જગદીશચંદ્ર અગ્રવાલ અને તેમની ટીમે લીધી હતી. જેમાં વર્ષ દરમ્યાન કરવામાં આવેલી સેવાકીય પ્રવૃત્તિઓની ઉમદા નોંધ લેવામાં આવી હતી. લાયન્સ ક્લબ-બાયડ વધુને વધુ કાયમી પ્રોજેક્ટ શરૂ કરે તેવી પોતાની ઈચ્છા ડિસ્ટ્રીકટ ગવર્નરે પ્રગટ કરી હતી. માનવીની સંવેદનાને સ્પર્શવા જેવી સેવાકીય પ્રવૃત્તિ અને કોરોનાના કપરા કાળમાં ઉમદાકીય સેવા કર્યાની ડિસ્ટ્રીકટ દ્વારા નોંધ લઈ લાયન્સ ક્લબ બાયડના પ્રમુખ નરેશચંદ્ર પરમારને એપ્રિસિએશન સર્ટી આપી યાદગાર સન્માન કરવામાં આવ્યું હતું. લીઓ પ્રમુખ, ઋગ્વેદ પટેલ અને તેમની ટીમે વર્ષ દરમ્યાન કરેલા લોકઉપયોગી કામોની નોંધ લઈ વધુને વધુ યુવાઓ લીઓ ક્લબમાં જોડાય તેવા પ્રયત્નો કરવા તાકીદ કરી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર સેવાકીય પ્રવૃત્તિઓથી બાયડ તેમજ અરવલ્લી જિલ્લામાં આગવી નામના મેળવનાર લાયન્સ ક્લબ-બાયડ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન વૃક્ષારોપણ, જરૂરીયાતમંદોને રાશનકીટ, બ્લડ ડોનેશન કેમ્પ, નેત્ર નિદાન કેમ્પ, સેવા દરમ્યાન ગરમ ધાબડા વિતરણ, કેન્સર પીડિત બાળકોને આર્થિક સહાય કરી મેડિકલ સહાયમાં યોગદાન આપવાની અનેક વિદ સેવાકીય પ્રવૃત્તિઓથી લાયન્સ ક્લબ-બાયડની સેવાકીય કાર્યોની સુવાસ ચારે તરફ પ્રસરી ચુકી છે. દર વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ડિસ્ટ્રીકટ ગવર્નર કલબની સત્તાવાર મુલાકાત લેતા હોય છે અને વર્ષ દરમ્યાન કરવામાં આવેલા સેવા કાર્યોનું આંકલન કરી કલબને પ્રોત્સાહિત કરતા હોય છે. ગત રોજ બાયડની હોટલ યુનિટીમાં યોજાયેલા કાર્યક્રમમાં ડિસ્ટ્રીકટ ગવર્નરે લાયન્સ અને લીઓ ક્લબ-બાયડની સેવાકીય પ્રવૃત્તિઓને જાહેરમાં બિરદાવી સમગ્ર પંથકમાં થઈ રહેલા સેવાકીય કાર્યો માનવજાતના કલ્યાણ માટેનો મહાયજ્ઞ હોવાનું જણાવ્યું હતું. તેમજ તે પૂર્વે બાયડમાં આવેલ જયઅંબે મહિલા મંદબુદ્ધિ આશ્રમની મુલાકાત લઈ ત્યાં થઈ રહેલી અમુલ્ય સેવાઓથી ભાવુક બન્યા હતા. ડિસ્ટ્રીકટ ગવર્નર દ્વારા જયઅંબે મહિલા મંદબુદ્ધિ આશ્રમમાં રૂા.૨,૫૧,૦૦૦નું દાન આપી સેવાકીય યજ્ઞમાં વધુને વધુ લોકો સામેલ થાય તેવી અપીલ કરી હતી. બાયડની હોટલ યુનિટીમાં યોજાયેલી ડીજી વિઝીટમાં લાયન્સ ક્લબ-બાયડ, પ્રમુખ નરેશચંદ્ર પરમાર અને લીઓ પ્રમુખ ઋગ્વેદ પટેલએ વર્ષ દરમ્યાન કરેલી સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ રજુ કર્યો હતો. તેમજ સેવાકીય કાર્યોમાં હાથમાં હાથ મિલાવી સહયોગ આપનારા લાયન્સ લીઓ સભ્યોનો આભાર માન્યો હતો.

દશનામ ગોસ્વામી સમાજનો ત્રીજો સમૂહલગ્નોત્સવ ભવ્ય રીતે સંપન્ન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

ધનસુરા તાલુકાના વડાગામ નજીકના શ્રી જલારામ મંદિર ખાતે

શિવવંશ દશનામ ગોસ્વામી સમાજ ધનસુરાનો ત્રીજો સમૂહ લગ્નોત્સવ તથા જ્ઞાતિ સ્નેહમિલન સન્માન સમારોહ યોજાઈ ગયો. અગ્નિની સાક્ષીએ ૬ નવયુગલોએ સપ્તપદીના ફેરા લઈ પોતાના ગૃહસ્થ જીવનનો પ્રારંભ કર્યો ત્યારે સંતો, મહંતો અને વડીલોએ અંતરના આશીર્વાદ આપ્યા હતા. સમૂહ લગ્નોત્સવમાં રાજ્ય સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, સમાજના અગ્રણી ભરતગીરી બબુગીરી ગોસ્વામી સહિત અનેક આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

ગોસ્વામી સમાજ લગ્ન પાછળના ખોટા ખર્ચ અટકાવી શિક્ષણક્ષેત્રે તેનો મહત્તમ ઉપયોગ થાય તેવા ઉદ્દેશથી દર વર્ષે સમૂહ લગ્નોત્સવનું આયોજન થાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શિવવંશ દશનામ ગોસ્વામી સમાજ ધનસુરા દ્વારા તા.૨૦, ફેબ્રુઆરીએ જલારામ મંદિર ખાતે ત્રીજા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું. અધ્યક્ષ ભરતગીરી ગોસ્વામી, પ્રમુખ પ્રકાશગીરી ગોસ્વામી, ઉપપ્રમુખ લાલગીરી ગોસ્વામી, મહામંત્રી સુખદેવગીરી ગોસ્વામી, મંત્રી કાન્તિપુરી ગોસ્વામીઘ કન્વિનર પ્રજ્ઞેશગીરી ગોસ્વામી, મીડિયા કન્વિનર દેવગીરી ગોસ્વામીએ દિપ પ્રાગટ્ય કરી સમૂહલગ્નોત્સવને ખુલ્લો મુક્યો હતો. ત્યાર બાદ રમેશગીરી ચતુરગીરી ગોસ્વામી-હિંમતનગર અને મહેશગીરી સુરજગીરી ગોસ્વામી-ઉદેપુર દ્વારા ભોજન દાતા તરીકે સમાજને મદદરૂપ થતાં પરીવારજનોનું સન્માન કરાયું હતું. અગ્નિની સાક્ષીએ ઉદેપુર, અરીઠા, રડોદરા, સવેલા, મેમદપુર, હડીયોલ, બિલપણ, ઉદણ, ખેરવા, ઉજળેશ્વર અને સરસોલીના દંપતિએ સપ્તપદીના ફેરા લીધા ત્યારે દાતાઓએ તમામ નવયુગલોને ભેટસોગાદ આપી સમૂહ લગ્નોત્સવને સફળ બનાવ્યો હતો. કોરોનાના કપરા કાળમાં પણ સમૂહ લગ્નોત્સવના શાનદાર આયોજનની પ્રશંસા થઈ હતી. કોરોના સમય દરમ્યાન મૃત્યુ પામેલ શિવવંશ દશનામ ગોસ્વામી સમાજના ભુરગીરી કોદરગીરી ગોસ્વામી (આકરૂન્દ), મનુભારથી રમણભારથી ગોસ્વામી (આકરૂન્દ), ચંદુપુરી મગનપુરી ગોસ્વામી (રાણી-રમોસા)ને શ્રદ્ધાસુમન આપવામાં આવ્યા હતા.

ખેડૂતોએ મામલતદાર કચેરી બહાર શરૂ કરેલા ધરણા

બનાસકાંઠા, તા.૨૧

જિલ્લાના દિયોદર, લાખણી અને થરાદ પંથક માંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાની માંગ સાથે ઢોલ સાથે ૫ તાલુકાના ખેડૂતો મોટી સંખ્યામાં લાખણી મામલતદાર કચેરીએ પહોંચી ધરણા ઉપર બેઠા છે. ખેડૂતોની માંગ છે કે જ્યાર સુધી કેનાલમાં પાણી નહિ છોડાય ત્યાર સુધી તેમના ધરણા ચાલુ રહશે. તેમજ ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમને ન્યાય નહિ મળે તો એકપણ નેતાઓને તેમના ગામમાં ઘુસવા નહિ દે. રાજ્યનો છેવડાનો જિલ્લો બનાસકાંઠા હંમેશા પાણીની અછત ભોગવતો આવ્યો છે. જિલ્લાના મોટાભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી અનેકવાર પાણીની બુમરાડ ઉઠે છે ત્યારે વધુ એકવાર પાણીનો પોકાર સામે આવ્યો છે.

જેમાં બનાસકાંઠા જિલ્લાના દિયોદર, લાખણી અને થરાદ પંથકમાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાના અને કાંકરેંજના ચાંગા પંપિંગ સ્ટેશનના તમામ ૬ પંપિંગ સ્ટેશન ચાલુ કરવાના અનેક વાયદાઓ બાદ કોઈ જ પરિણામ ન આવતા લાખણી, દિયોદર અને થરાદ, ડીસા અને કાંકરેજ પંથકના ખેડૂતો પંપિંગ સ્ટેશન ચાલુ કરવા અને કેનાલમાં પાણી છોડવાની માંગ સાથે ઢોલ વગાડતા લાખણી મામલતદાર કચેરીએ આવી પહોંચ્યા હતા. ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપીને તાત્કાલિક પમ્પીગ સ્ટેશન ચાલુ કરી પાણી છોડવાની માંગ સાથે મામલતદાર કચેરીએ ધરણા ઉપર બેઠા છે.

ખેડૂતોનું કહેવું છે કે પાકની સિઝન શરૂ હોવા છતાં કેનાલમાં પાણી નથી એક બાજુ મોંઘા ભાવના બિયારણ અને ખાતર લાવ્યા છે પણ પાણી વગર પાક મુરઝાઈ રહ્યા છે. જેથી જો તાત્કાલિક પાણી નહિ છોડાય તો તેવો તેમના ધરણા ચાલુ રાખશે અને જ્યાર સુધી તેમની માંગ નહીં સંતોષાય ત્યાર સુધી અહીં જ બેસી રહેશે.